પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૯૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૬-૧૨-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦




# ભજનલાલ શર્મા રાજસ્થાનના નવા મુખ્યમંત્રી બન્યા, નાયબ મુખ્યમંત્રી તરીકે દિયા કુમારી અને પ્રેમચંદ બૈરવાને શપથ લીધા

### શપથગ્રહણ પહેલા માતા-પિતાના ચરણ ધોઈને આશીર્વાદ લીધા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અનેક રાજ્યોના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહ્યા

જયપુર,

રાજસ્થાનમાં ભાજપને પ્રચંડ જીત મળ્યા બાદ હવે આજે મુખ્યમંત્રી તરીકે ભજનલાલ શર્માએ શપથગ્રહણ કર્યા છે. રાજ્યપાલ કલરાજ મિશ્રાએ આજે મુખ્યમંત્રી તરીકે ભજનલાલ શર્મા અને બે નાયબ મુખ્યમંત્રી તરીકે દિયા કુમારી અને પ્રેમચંદ બૈરવાને શપથ લેવડાવ્યા હતા.આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અનેક રાજ્યોના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. મહત્વનું છે કે, ભજનલાલ શર્માએ મુખ્યમંત્રી પદના શપથ લેતા પહેલા તેમના માતા-પિતાના પગ ધોયા અને આશીર્વાદ લીધા હતા. ભજનલાલ શમી રાજસ્થાનના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

ભજનલાલ શર્મા આજે એટલે કે ૧૫મી ડિસેમ્બરે મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. નસીબજોગે આજે તેમનો જન્મદિવસ છે. તેમની ઉંમર ૫૬ વર્ષ છે. પોતાના જન્મદિવસના અવસર પર મુખ્યમંત્રી તરીકે શપથ લેનારા તેઓ પ્રથમ મુખ્યમંત્રી બન્યા છે. ભજનલાલ માટે બેવડી ખુશી છે. મહત્વનું છે કે, ભજનલાલે ગુરુવારે રાત્રે ૧૨ વાગ્યા પછી સોડાલાના ચંબલ ગેસ્ટ હાઉસમાં તેમના સમર્થકો સાથે જન્મદિવસની ઉજવણી કરી હતી. તેમના જન્મદિવસ નિમિત્તે મુખ્યમંત્રી અને તેમના સમર્થકો દ્વારા રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવશે. આ શિબિરનું આયોજન ધોલપુરમાં કરવામાં આવશે.

રાજસ્થાનમાં આજે ભજનલાલ શર્માનો રાજ્યાભિષેક યોજાયો હતો. જયપુરના આલ્બર્ટ હોલમાં બપોરે ૧૨ વાગ્યે શપથગ્રહણ કાર્યક્રમ શરૂ થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા,રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી




અશોક ગહલોત, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય મંત્રીઓ નીતિન ગડકરી, પીયૂષ ગોયલ શપથ ગ્રહણ સમારોહમાં સામેલ થયા હતા. આ સિવાય યુપીના સીએમ યોગી આદિત્યનાથ, એમપીના નવા સીએમ મોહન યાદવ, ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ, મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે, રાજસ્થાનના પૂર્વ સીએમ અશોક ગેહલોત, વસુંધરા રાજે, અર્જુનરામ મેઘવાલ, ગોવાના સીએમ પ્રમોદ સાવંત, ત્રિપુરાના સીએમ માણિક સાહા સહિત અનેક નેતાઓ હાજર રહ્યા હતા. ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામી, યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય પહોંચ્યા હતા.

આજે વહેલી સવારથી જ શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ વચ્ચે સુરક્ષાની પણ કડક વ્યવસ્થા કરવામાં આવી હતી આલ્બર્ટ હોલ તરફ જતા તમામ રસ્તાઓને પોસ્ટરો અને બેનરોથી શણગારવામાં આવ્યા હતા. સોગંદવિધિ સમારંભમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

રાજસ્થાનમાં ભાજપને ૧૧૫ બેઠકો મળી છે. જ્યારે કોંગ્રેસને ૬૯ બેઠકો મળી હતી. રાજ્યની ૨૦૦માંથી ૧૯૯ બેઠકો પર મતદાન થયું હતું. એક બેઠક પર ઉમેદવારના અવસાનને કારણે ચૂંટણી મોકૂફ રાખવામાં આવી હતી. ભજનલાલ પહેલીવાર ધારાસભ્ય બન્યા છે. મંગળવારે પક્ષના કેન્દ્રીય નિરીક્ષકો રાજનાથ સિંહ, સરોજ પાંડે અને વિનોદ તાવડેની હાજરીમાં ભાજપ વિધાનસભ્ય દળની બેઠકમાં તેમને મુખ્ય પ્રધાન-નિયુક્ત જાહેર કરવામાં આવ્યા હતા.

વસુંધરા રાજેએ ધારાસભ્ય દળના નેતા તરીકે તેમના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. જ્યારે દિયા કુમારી વિદ્યાનગરથી ધારાસભ્ય છે. જ્યારે બૈરવા ડુડુ બેઠક પરથી ધારાસભ્ય છે. અજમેર ઉત્તરના ધારાસભ્ય વાસુદેવ દેવનાનીને સ્પીકર બનાવવામાં આવ્યા છે.દિયા કુમારીએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રાજસમંદથી ચૂંટણી જીતી હતી. તેમણે ૫.૫૧ લાખથી વધુ મતોથી ચૂંટણી જીતી હતી. દિયા કુમારી જયપુરના રાજવી પરિવારમાંથી છે. તેમણે ૨૦૧૩માં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તે બે વખત ધારાસભ્ય અને એક વખત સાંસદ પણ છે. વસુંધરા રાજે, દિયા કુમારી, ગજેન્દ્ર શેખાવત, બાબા બાલકનાથ, રાજવર્ધન રાઠોડ પણ સીએમની રેસમાં હતા. પરંતુ ભાજપ હાઈકમાન્ડે સૌને ચોંકાવી દીધા અને ભજનલાલની પસંદગી કરી.ચૂંટણી પંચમાં દાખલ કરાયેલી એફિડેવિટ મુજબ ૫૬ વર્ષીય ભજનલાલ શર્મા પોસ્ટ ગ્રેજ્યુએટ છે. તેમની કુલ જાહેર કરેલી સંપત્તિ ૧.૪૦ કરોડ રૂપિયા. તેમણે તાજેતરમાં પૂર્ણ થયેલી ૨૦૨૩ રાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના પુષ્પેન્દ્ર ભારદ્વાજને ૪૮,૦૮૧ મતોના માર્જિનથી હરાવીને સાંગાનેર બેઠક જીતી હતી. તેઓ પ્રથમ વખત ધારાસભ્ય બન્યા છે. જોકે ભજનલાલ શર્મા ચાર વખત ભાજપના પ્રદેશ મહાસચિવ રહી ચૂક્યા છે. આરએસએસ અને એબીવીપી સાથે પણ લાંબા સમયથી જોડાયેલા છે.

## મોરબીના વાકાનેરમાં ગેરકાયદે ટોલનાકા મામલો

# કરોડો રૂપિયા ખંખેરવાના આરોપીઓ ૧૦ દિવસ બાદ પણ પોલીસની પકડથી દૂર

મોરબી,

મોરબીમાં નકલી ટોલનાકું ઊભું કરી કરોડો રૂપિયા ખંખેરવાના કેસમાં પોલીસ ફરિયાદના ૧૦ દિવસ બાદ પણ આરોપીઓ પોલીસ પકડથી દૂર હોવાનું સામે આવ્યું છે. વિગતો મુજબ મોરબીમાં નકલી ટોલનાકા મામલે પાટીદાર આગેવાન જેરામભાઈના દીકરા અમરશી પટેલ સહિત રવિરાજસિંહ ઝાલા, હરવિજયસિંહ ઝાલા, ધર્મેન્દ્ર ઝાલા, યુવરાજસિંહ ઝાલા સામે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. આમ છતાં હજી સુધી આરોપીઓ નહીં પકડાતાં અનેક સવાલો ઊભા થયા છે.



વાંકાનેરનાં બોગસ ટોલનાકા મામલે સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. વઘાસીયા ટોલનાકા કર્મીએ ફરિયાદ ન કરતા પોલીસ ફરિયાદી બની હતી. આ મામલે સિટી પોલીસે ફરિયાદ નોંધી અમરશી પટેલ, રવિરાજસિંહ ઝાલા, હરવિજયસિંહ ઝાલા, ધર્મેન્દ્ર ઝાલા, યુવરાજસિંહ ઝાલા સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે હજી સુધી આરોપી પોલીસ પકડથી દૂર છે.

રાજ્યમાં નકલી કચેરી બાદ મોરબીના વાંકાનેરમાં નકલી ટોલનાકુ સામે આવ્યું છે. નકલી ટોલનાકુ ચાલતું હોવાના આક્ષેપ સાથે એક વીડિયો વાયરલ થયો છે. દોઢ વર્ષથી નકલી ટોલનાકુ ચાલતું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વઘાસિયા ગામ નજીક ફેક્ટરી ભાડે રાખી ટોલનાકુ ચલાવવામાં આવતું હોવાની માહિતી સામે આવી છે. નકલી ટોલનાકુ ઉભું કરી કરોડો રૂપિયાની ઉઘરાણી કરાતી હોવાના સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે. એનએચએઆઈના ટોલનાકાની બાજુમાં ગેરકાયદે ટોલનાકુ ધમધમતું જોવા મળ્યું છે. ટોલ પ્લાઝા પાસે ટોલનાકુ બાયપાસ કરીને વાહનોને પસાર કરવામાં આવે છે. ફોર વ્હીલના ૫૦, નાના ટ્રકના ૧૦૦, મોટા ટ્રકના ૨૦૦ રૂપિયા ઉઘરાવવામાં આવતા હોવાનો ખુલાસો થયો છે. જ્યારે એનએચએઆઈના ટોલનાકા દ્વારા કારના ૧૧૦, નાના ટ્રકના ૧૮૦, બસના ૪૧૦, મોટા ટ્રકના ૫૯૫ અને હેવી ટ્રકના ૭૨૦ લેવામાં આવતા હોવાથી વાહનચાલકો ગેરકાયદે બનાવેલા ટોલનાકામાંથી પસાર થાય છે.આ અહેવાલ બાદ પ્રાંત અધિકારીને તપાસ સોંપવામાં આવી હતી.

મોરબીનાં વાંકાનેરમાં બોગસ ટોલનાકા માટે ખુલાસો થવા પામ્યો છે. જેમાં આ સમગ્ર કૌભાંડમાં પાટીદાર સમાજનાં આગેવાનનાં દીકરાનો પણ ફરિયાદમાં સમાવેશ થયો છે. પાટીદાર અગ્રણી જેરામ પટેલનાં દીકરા અમરશી પટેલનાં નામનો ફરિયાદમાં ઉલ્લેખ થયો છે. ફરિયાદમાં અમરશી પટેલ સહિત ૫ લોકોનાં નામે ફરિયાદ નોંધાઈ છે. વઘાસીયા ગામનાં સરપંચ ધર્મેન્દ્ર ઝાલા અને તેનાં ભાઈ યુવરાજસિંહ ઝાલાના નામે પણ ફરિયાદ નોંધાઈ છે.

મહત્વનું છે કે, મોરબી ખાતેનાં ગેરકાયદે ટોલનાકા મામલે અગાઉ સરકારનાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ગેરકાયદેસર ટોલનાકા મામલે અહેવાલ બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમત ગેરકાયદે ટોલનાકામાં કોઈને છોડવામાં નહી આવે. જોકે હજી સુધી આ કેસમાં પોલીસ ફરિયાદ બાદ પણ આરોપીઓ પોલીસ પકડથી દૂર હોવાનું સામે આવ્યું છે.

# ૧૫ પોલીસ કર્મચારીઓની હત્યાનો મહારાષ્ટ્ર પોલીસે બદલો લીધો

મુંબઇ,

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં પોલીસને મોટી સફળતા મળી છે. ગુરુવારે છત્તીસગઢ બોર્ડર પર બોધિન ટોલા પાસે, પોલીસના સી ૬૦ કમાન્ડોએ કુખ્યાત નક્સલવાદીને ઠાર માર્યો જેણે દુર્ગેશે ૨૦૧૯ના બ્લાસ્ટમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. વિસ્ફોટમાં ૧૫ પોલીસકર્મીઓ શહીદ થયા હતા. લગભગ એક કલાક સુધી ચાલેલા એન્કાઉન્ટરમાં સી૬૦ કમાન્ડોએ બે નક્સલીઓને ઠાર કર્યા હતા. માર્યા ગયેલા નક્સલવાદીઓમાં એકનું નામ દુર્ગેશ વટ્ટી છે જે ડેપ્યુટી કમાન્ડર હતો જ્યારે બીજો તેનો સાથી હતો.

વાસ્તવમાં, ગઢચિરોલીના એસપીને માહિતી મળી હતી કે દુર્ગેશ જે કુખ્યાત નક્સલવાદી છે. જે વ્યક્તિએ ૨૦૧૯માં વિસ્ફોટ કર્યો હતો અને મહારાષ્ટ્ર પોલીસના ૧૫ જવાનોને શહીદ કર્યા હતા, તે જ વ્યક્તિ છત્તીસગઢ બોર્ડર પર બોધિંટોલાથી દસ કિલોમીટર આગળ તેના સાથીઓના એક મોટા જૂથ સાથે એકઠા થયા હતા. જ્યાં તે એક મોટું ષડયંત્ર અને હુમલાની યોજના બનાવી રહ્યા હતા. તેમની પાસે ઘણા ભારે અને આધુનિક હથિયારો પણ છે.

જે બાદ એસપીના નિર્દેશ પર સી-૬૦ કમાન્ડોએ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. પોલીસના આગમનનો હવાલો મળતા જ નક્સલીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. પોલીસે પહેલા તેમને આત્મસમર્પણ કરવાનું કહ્યું પરંતુ ફાયરિંગ બંધ ન થયું. આ પછી પોલીસની જવાબી કાર્યવાહીમાં બે નક્સલવાદીઓ માર્યા ગયા હતા.નક્સલવાદીઓ પાસેથી એક એકે-૪૭ સહિત મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો.બે નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા. સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે.

# સંસદમા સ્મોક કાંડના મુખ્ય સૂત્રધાર અને પમા આરોપી લલિત ઝાનું આત્મસમર્પણ



નવીદિલ્હી,

સંસદના સ્મોક કાંડ કેસમાં હજુ પણ ફરાર પાંચમા આરોપી લલિત ઝાએ ગુરુવારે મોડી રાત્રે દિલ્હીમાં આત્મસમર્પણ કર્યું હતું. પોલીસે તેની ધરપકડ કરી છે. બુધવારે જ્યારે યુવકો સંસદમાં ઘૂસી ગયા અને હંગામો મચાવ્યો ત્યારે લલિત ઝા પણ ત્યાં હાજર હતો જે બાદમાં ફરાર થઈ ગયો હતો. ત્યારથી પોલીસ તેને શોધી રહી હતી. આ પહેલા તમામ આરોપીઓને પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

સંસદના સ્મોક કાંડ કેસમાં હજુ પણ ફરાર પાંચમા આરોપી લલિત ઝાએ ગુરુવારે મોડી રાત્રે દિલ્હીમાં આત્મસમર્પણ કર્યું હતું. પોલીસે તેની ધરપકડ કરી છે. બુધવારે જ્યારે યુવકો સંસદમાં ઘૂસી ગયા અને હંગામો મચાવ્યો ત્યારે લલિત ઝા પણ ત્યાં હાજર હતો જે બાદમાં ફરાર થઈ ગયો હતો. ત્યારથી પોલીસ તેને શોધી રહી હતી. આ પહેલા તમામ આરોપીઓને પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

સંસદમાં સ્મોક બોમ્બ ષડયંત્રમાં દરરોજ એક નવો એંગલ સામે આવી રહ્યો છે, જેમ જેમ તપાસ આગળ વધી રહી છે તેમ તેમ નવા નવા ખુલાસા પણ થઈ રહ્યા છે. એ વાત સામે આવી છે કે સંસદની સુરક્ષામાં ભંગ કરવાની તૈયારી કેટલાક મહિનાઓ પહેલા જ શરૂ થઈ ગઈ હતી. માર્ચમાં મનોરંજનને સંસદની અને જુલાઈમાં સાગર શર્માએ સંસદની રેસી કરી હતી. આ પછી બધાએ સાથે મળીને આયોજન કર્યું અને આ માટે ૧૩મી ડિસેમ્બર પસંદ કરી. હવે આ તમામ આરોપીઓ રિમાન્ડ પર છે.

સંસદના સ્મોક કાંડનો પાંચમો આરોપી લલિત હજુ ફરાર હતો. દિલ્હીથી ભાગ્યા બાદ તે બસમાં રાજસ્થાન ગયો હતો. અહીં તે તેના બે મિત્રોને મળ્યો અને એક હોટલમાં રાત વિતાવી. જ્યારે પોલીસની પકડ વધી અને તેને લાગ્યું કે હવે તે ભાગી શકશે નહીં, ત્યારે તે બસમાં દિલ્હી જવા રવાના થયો અને પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ કર્યું.ગુરુવારે સંસદના બંને ગૃહોમાં હંગામો થયો હતો. જેના કારણે લોકસભાના ૧૩ અને રાજ્યસભાના એક સાંસદને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેના વિરોધમાં ટીએમસીના સાંસદ ડેરેક ઓબ્રાયને સંસદની બહાર પ્રદર્શન કર્યું. આ સિવાય પીએમ મોદીએ સુરક્ષા ભંગના મુદ્દે મંત્રીઓ સાથે બેઠક કરી હતી. આમાં તેમણે સંવેદનશીલતા સાથે સુરક્ષા લેપ્સ લેવા જણાવ્યું હતું.

# ઉર્જા કૌભાંડ મામલે ક્રાઈમ બ્રાન્ચની કડક કાર્યવાહી, વીજકર્મીઓને નોટિસ પાઠવી

હિંમતનગર,

ગુજરાત કૌભાંડનું હબ બની રહ્યું છે. રાજ્યમાં એક પછી એક કૌભાંડ બહાર આવી રહ્યા છે. આર્યુવેદીક સીરપ કૌભાંડ બાદ રાજ્યમાં વધુ એક ઉર્જા કૌભાંડમાં મોડે-મોડે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉર્જા કૌભાંડ સામે આવતા ત્રણ મહિના બાદ તપાસનું તરકટ શરૂ થયું છે. ક્રાઈમ બ્રાન્ચ પોલીસે કૌભાંડને લઈને કાર્યવાહી કરતા શંકાસ્પદ વીજકર્મીઓની તપાસ કરી રહી છે. ક્રાઈમ બ્રાન્ચે ઉર્જા કૌભાંડમાં કથિત રીતે સંડોવાયેલા ૧૦ વીજકર્મીઓને તપાસ માટે હાજર થવા નોટિસ પાઠવી છે. રાજ્યમાં સમયાંતરે કૌભાંડના કિસ્સા પ્રકાશમાં આવે છે. કૌભાંડનો પર્દાફાશ થતા થોડો સમય તપાસનું તરકટ ચાલે છે. તેમ હિંમતનગરમાં ઉર્જા કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદના ત્રણ મહિના પછી તપાસનો ધમધમાટ શરૂ થયો છે. પોલીસે કડક કાર્યવાહી કરતા હિંમતનગર સર્કલના ૧૦ વીજકર્મીઓને નોટિસ ફટકારતા આગામી ૨૦ ડિસેમ્બર સુધીમાં ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થવા ફરમાન કર્યું. ક્રાઈમ બ્રાન્ચની આકરી કાર્યવાહીને પગલે કૌભાંડ આચરનારા શખ્સમાં ફફડાટ ફેલાયો છે. ઉર્જા કૌભાંડમાં અરવલ્લી જિલ્લાના બાયડ, સાઠંબા અને ધનસુરા વીજ કચેરીના ૩ વીજકર્મીઓને પણ સંડોવણીની આશંકાએ ક્રાઈમ બ્રાન્ચે તેડુ મોકલ્યુ છે. ક્રાઈમ બ્રાન્ચે ઉર્જા કૌભાંડની તપાસ તેજ કરતા આગામી દિવસોમાં વધુ ચોંકાવનારી માહિતી સામે આવી શકે છે. રાજ્યમાં થોડા સમય પહેલા સરકારી દવાઓ બારોબાર વેચવાના કૌભાંડ અને આર્યુવેદિક સીરપના નામે નશાકારક દ્રવ્યનું વેચાણ થયાનો કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જેના બાદ રાજ્યભરમાં આરોગ્ય વિભાગે તપાસ શરૂ કરી હતી. અગાઉ પણ સરકારી વિભાગોમાં ભરતી કૌભાંડનો મામલો સામે આવ્યો હતો. ઉપરાંત રાજ્યમાં નકલી પોલીસ અધિકારી અને બોગસ સરકારી કચેરી જેવા કૌભાંડોનો પર્દાફાશ થયા હતા. રાજ્યમાં અવાર-નવાર વિવિધ પ્રકારના કૌભાંડો સામે આવી રહ્યા છે. ત્યારે વહીવટીતંત્ર દ્વારા કૌભાંડને લઈને તપાસ તેજ કરતા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

# વડોદરા પાસેથી બિશ્નોઇ ગેંગનો સાત લાખનો દારૂ ઝડપાયો : એકની ધરપકડ

વડોદરા,

વડોદરાના ભાયલી ગામમાં પ્લાસ્ટીકના કેરેટની આડમાં ટેમ્પોમાં મોટર સાઈકલના પાયલોટીંગ સાથે બિશ્નોઇ ગેંગનો લાવવામાં આવી રહેલો રૂપિયા ૭ લાખના દારુનો જથ્થો તાલુકા પોલીસે ઝડપી મોટર સાઈકલ ચાલક સહિત ચાર સામે ગુનો દાખલ કર્યો છે. તાલુકા પોલીસની ટીમ રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતી.દરમિયાન તાલુકા પોલીસની ટીમને માહિતી મળી હતી કે, દારુ લઈને એક આઈસર ટેમ્પો રાયપુરા થઈ ભાયલી ગામ તરફ જવાનો છે.

આ ટેમ્પોનું મોટર સાઈકલ દ્વારા પાયલોટીંગ કરવામાં આવી રહ્યું છે. જેથી રાયપુરા ચોકડીથી ભાયલી સુધીના રસ્તા ઉપર વોચમાં ગોઠવાઇ ગઈ હતી. દરમિયાન એક મોટર સાઈકલ ઉપર બે વ્યક્તિઓ આવી રહ્યા હતા. જોકે, બાઈક સવાર પોલીસને જોતાજ બાઈક ઉપરથી ઉતરી ફરાર થઈ ગયો હતો. જ્યારે બાઈક ચાલક અંપાડ ગામની સીમમાં ખેતરમાં રહેતા સુરેન્દ્ર ગણપતરામ બિશ્નોઈ ( મૂળ રહે. ફુલાસર ગામ, કોલાયત, જિ. બિકાનેર)ને ઝડપી પાડ્યો હતો. અને તેને સાથે રાખી દારુ લવાતા ટેમ્પોને ઝડપી પાડ્યો હતો.

જોકે, ટેમ્પો ચાલક પણ પોલીસને થાપ આપી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે દારુ ભરેલા ટેમ્પોમાં તપાસ કરતા પ્લાસ્ટીકના ખાલી કેરેટની આડમાં રૂપિયા ૭ લાખની કિંમતનો ૧૯૦ પેટી ભારતીય બનાવટનો દારુ મળી આવ્યો હતો.દારુ, ટેમ્પો, ૧૫૦ પ્લાસ્ટીકના કેરેટ, પાયલોટીંગમાં ઉપયોગમાં લેવામાં આવેલી બાઈક મળી કુલ્લે રૂપિયા ૧૦,૨૦,૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ૩૧ ડિસેમ્બર પૂર્વે અનેક જિલ્લામાં આ રીતે દારૂની ખેપ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# મિત્ર એજ મિત્રની હત્યા કર્યાનો ઘટસ્ફોટ : પૈસાની લેતી દેતી મામલે મન દુ:ખ થતાં હત્યા કરી



નડિયાદ,

નડિયાદમાં ભેદી સંજોગોમાં ગુમ વેપારીના મોત પ્રકરણમાં હત્યાની ફરિયાદ ૭૨ કલાક બાદ નોંધાઈ છે. ખુન, લૂંટના ગુનામાં અગાઉ પકડાયેલા ધંનજય ઉર્ફે સેટ્ટી દેસાઈને વચ્ચે રાખી મરણજનાર હિરેન દેસાઈએ એક વર્ષ અગાઉ નાણાં લીધા હતા. જે ન ચૂકવી શકતા ધંનજય ઉર્ફે સેટ્ટીએ પોતાના મોપેડ પર બેસાડી હિરેન દેસાઈને રામજી મંદિર નજીક આવેલ કુવા પાસે લઈ ગયો હતો. જ્યાં ધક્કો મારી બાદમાં ધંનજય ઉર્ફે સેટ્ટી ફરાર થયો હતો. હત્યારાએ પકડાઈ જવાના ડરથી કુવા નજીકના સીસીટીવી તોડી નાખ્યા હતા. જોકે, અંતે હત્યારા ધંનજય ઉર્ફે સેટ્ટીને પોલીસ ઉઠાવી લાવતાં સમગ્ર હત્યાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આ બનાવ મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદમાં ગત ૧૧મી ડિસેમ્બરના રોજ સવારે શીતલ સિનેમા પાસે આવેલ મંગલમ હોલ નજીકના રામજી મંદિરના કુવામાંથી મળેલી હિરેન દેસાઈના મૃતદેહના મામલે હત્યાની ફરિયાદ નોંધાઈ છે. મૃતકની પત્ની પાયલે નડિયાદ ટાઉનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે, તેઓના પતિ હિરેન દેસાઈને નાણાંની તાતી જરૂરિયાત ઊભી થતાં એક વર્ષ અગાઉ નજીક રહેતા પોતાના જ્ઞાતિના મિત્ર ધનંજય ઉર્ફે સેટ્ટી હરીભાઇ દેસાઈ (રહે.મોટાભાઈનુ ફળિયું, દેસાઈ વગા)ને વચ્ચે રાખી ક્યાંકથી હાથ ઉછીના નાણાં લીધા હતા. આ નાણાં પરત લેવા ધનંજય ઉર્ફે સેટ્ટીનું દબાણ હોય તેઓ ઘણા સમયથી માનસિક રીતે પડી ભાગ્યા હતા. હિરેનભાઈ દેસાઈને આવકમાં માત્ર એક કરિયાણાની દુકાન તેમજ પત્ની હોસ્પિટલમાં કેશ કાઉન્ટર પર નોકરી કરતી હોય મોટી રકમની ચૂકવણી કરવામાં અસમર્થ હતા. જોકે, વચ્ચે રહેલા ધનંજય ઉર્ફે સેટ્ટી જ્યારે પણ મળે ત્યારે ગાળો બોલી તને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. તેવી હકીકત મરણજનાર હિરેને પોતાની પત્ની પાયલને ગુમ થતાં પહેલાં કહી હતી. આ ધનંજય ઉર્ફે સેટ્ટી માથાભારે હોય અગાઉ તે ખુન, લૂંટના ગુનામાં અગાઉ પકડાયેલ હોય હિરેનભાઈ ખુબજ ડરેલા હતા.ગત ૮મી ડિસેમ્બરના રોજ રાત્રે આ ધનંજય ઉર્ફે સેટ્ટી હિરેનના ઘરે આવ્યો હતો અને જ્યાંથી ધનંજય પોતાના મોપેડ પર બેસાડી નજીક આવેલ રામજી મંદિર પાસે લઈ ગયો હતો. બાદમાં ડરેલા અવાજે હિરેન દેસાઈએ પોતાની પત્નીને ફોન કરી કહ્યું કે, મને ધનંજય નજીક આવેલા રામજી મંદિર પાસે લઈ ગયો છે. જો હું થોડીવારમાં ઘરે ન આવું તો મને ફોન કરી બહાનું કાઢી ઘરે બોલાવી લે જે, જેથી પાયલે થોડીવાર બાદ હિરેનને ફોન કર્યો પણ આખેઆખી રીંગ પુરી થઈ પણ ઉપાડ્યો નહોતો. બાદમાં ફોન સ્વિચ ઓફ આવતા ચિંતાતુર બનેલ પાયલે ધનંજયને ફોન કરતા તેણે કહ્યું કે, હિરેન દેસાઈ સંસ્કાર વાડી પાસે આવેલ ગલ્લા પર છોડી દીધો છે. બાદમાં ધનંજયનો પણ ફોન સ્વિચ ઓફ બોલવા લાગ્યો હતો.

જેથી પાયલે મોડી રાત્રે રામજી મંદિર અને આસપાસ તપાસ આદરી પણ હિરેનનો કોઈ અતોપતો લાગ્યો નહોતો. જેથી ધનંજય ઉર્ફે સેટ્ટીની પત્નીને ફોન કરતા જાણવા મળ્યું કે, ધનંજય ઉર્ફે સેટ્ટી મોપેડની ચાવી નાખી આજ રાતથી લાપતા બન્યો છે. જોકે આ બાદ ગત ૧૧મી ડિસેમ્બરના રોજ સવારે શીતલ સિનેમા પાસે આવેલ મંગલમ હોલ નજીકના રામજી મંદિરના કુવામાંથી હિરેન દેસાઈનો ક્ષતવિક્ષિત હાલતમાં મૃતદેહના મળી આવ્યો હતો. પોલીસે સૌપ્રથમ અપમૃત્યુની નોધ કરી તપાસ કરતા આ આખેઆખો બનાવ ઉજાગર થયો છે.ગતરોજ પોલીસ આરોપી ધનંજય ઉર્ફે સેટ્ટી હરીભાઇ દેસાઈની ધરપકડ કરતા તેણે જ મરણજનાર હિરેનને કુવા પાસે લઈ જઈ ધક્કો માર્યો હોવાની કબૂલાત કરી છે. આથી પોલીસે ગતરોજ મરણજનાર હિરેનની પત્ની પાયલની ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની તપાસમાં હત્યારાએ પકડાઈ જવાના ડરથી કુવા નજીકના સીસીટીવી તોડી નાખ્યા હતા. બનાવની રાત્રે બંને મિત્રોએ મંદિરમા બેઠા પછી બીડી અને આર એમ ડી ખાધી હતી. રૂપિયાની લેતી દેતીમાં ધનંજય અને હિરેન વચ્ચે હાથાપાઈ થઈ હતી. બાદમા ધનંજયે હિરેનને કુવા પાસે જઈ ધક્કો માર્યો હતો. રાત્રે બે ત્રણ વાગ્યા સુધી ધનંજય સામેની કોઈ અંધારાવાળી જગ્યાએ છુપાઈને બેસી રહ્યો હતો. બાદમાં વહેલી સવારે બસમા વડોદરા ગયો અને વડોદરા રેલ્વે સ્ટેશનના એકાંતવાળા બે ત્રણ નંબરના પ્લેટફોર્મ ઉપર રાત ગુજારી હતી.

આ બાદ પોતાનું નામ આ કેસમાં હોવાની જણા થતાં ધનંજય સવારે એક્સપ્રેસ હાઈવેથી નડિયાદ આવ્યો અને એક્સપ્રેસ હાઈવેના બ્રિજ પાસેની જગ્યામા આખી રાત બેસી રહ્યો હતો. ધનંજયને આત્મહત્યાનો પણ વિચાર આવ્યો હતો. તેવી કેફીયત હત્યારાએ કબુલી છે.

# બાલાસિનોર ખાતે માજી સૈનિકોએ નાયબ કલેકટરને આવેદન પત્ર આપ્યું


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસિનોર,

બાલાસિનોર નાયબ કલેક્ટર કચેરી ખાતે માજી સૈનિકો દ્વારા આજરોજ ભારે સંખ્યામાં એકત્ર થઈને આવેદન પત્ર આપ્યું હતું અને પોતાની વિવિધ પડતર માંગણીઓ સરકાર સુધી પહોચડવા અનુરોધ કર્યો હતો. આવેદન પત્રકમાં જણાવ્યું હતું કે, પૂર્વ માજી સૈનિકોને ગુજરાત સરકારના પરિપત્રો મુજબ ૧૬ એકર સુધીની ખેતીની અને રહેણાંકની જમીન ફાળવવામાં આવે છે. જે બાબતે ખેતી માટે પડતર, ગૌચર જગલ ખાતાની જમીન ફાળવવા માજી સૈનિકો અને વિર નારીઓ જમીન ફાળવવા માટે રજૂઆત કરી હતી. જ્યારે અનેક માજી સૈનિકોને જમીનો મળી ગઈ છે. જ્યારે વીરપુર અને બાલાસિનોર તાલુકાના માજી સૈનિકોને જમીનોનો લાભ ના મળતા સૈનિકોની દશા દયનીય બની છે. જે બાબતે ભૂતકાળમાં અનેક રજૂઆત કરવામાં આવી છે, પરંતુ કોઈ નક્કર પરિણામ આજદિન સુધી ના મળતા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

# વસો તાલુકા સેવા સદન ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ વેચાણ કેન્દ્રની શરૂઆત



નડીયાદ,

રાજ્ય સરકારના પ્રાકૃતિક ખેતી અભિયાન અંતર્ગત પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાના ઉમદા આશયથી તાલુકા સેવાસદન, વસોના કમ્પાઉન્ડમાં તાલુકા વહીવટી તંત્ર-વસો, આત્મા પ્રોજેક્ટ ખેડા અને ખેતીવાડી વિભાગના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ હાટ ખુલ્લું મુકવામાં આવ્યું. જેમાં વસો તાલુકાના મલીયાતજ, અલીન્દ્રા, ખાંધલી, દેવા વાંટા વગેરે ગામોના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ઝેરી રસાયણ મુકત અને પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત ખેત પેદાશ અને શાકભાજીનું વેચાણ કરવામાં આવ્યું.

જેમાં ધાન્ય પાક- ૪૫ કિ.ગ્રા., શાકભાજી- ૫૧ કિ.ગ્રા. તથા ફળપાક-૦૮ કિ.ગ્રા.નું વેચાણ કરી હાજર ખેડૂતોને અંદાજીત રૂા.૬,૨૩૫/- જેટલી આવક થયેલ છે. આ પ્રાકૃતિક કૃષિ હાટને ખૂબ સારો પ્રતિસાદ મળેલ છે. આ પ્રાકૃતિક કૃષિ હાટનું વસો તાલુકા સેવા સદન ખાતે દર ગુરૂવારે સવારના ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી આયોજન થનાર છે.

આ પ્રસંગે નાયબ બાગાયત અધિકારી-નડીયાદ, મામલતદાર-વસો, તાલુકા વિકાસ અધિકારીવસો, મદદનીશ ખેતી નિયામક (વિસ્તરણ)-નડીયાદ, ખેતીવાડી તથા આત્મા પ્રોજેકટ, ખેડાના કર્મચારીઓ તથા મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીના કર્મચારીઓ હાજર રહયા હતા.

-: જાહેરનામું :-

આથી સર્વે લોકોને જાહેર કરવામાં આવે છે કે, સને ૧૯૨૭ના જંગલ બાબતના કાયદાની કલમ-૪ અન્વયે મોજે.છાણીપ, તાલુકો શહેરા, જિલ્લો.પંચમહાલની નીચે દર્શાવેલ જમીનો કાયમી જંગલોમાં સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સદર બાબતની જાહેરાત ગુજરાત સરકારના વન અને પર્યાવરણ ખાતાના ઉપસચિવ સાહેબના પત્ર નં.ગવન/૨૦૨૩/(૨૨)/જજમ/૧૬/૦૨/૨૦૧૩/જીએસએફ-૦૨/એફ તા.૨૭/૦૭/૨૦૨૩થી ગેઝેટ માટે પ્રસિધ્ધ કરવામાં આવી છે જેથી તે કાયદાની કલમ-૬ અન્વયે નીચે મુજબ જાહેર કરવામાં આવે છે કે

યોજાયેલા જંગલો અને તેના હદ નિશાનો નીચે મુજબ છેઃ-

અનુસૂચિ

તાલુકોઃ- શહેરા, જીલ્લો :- પંચમહાલ

| અનુ નં. | ગામનું નામ | સર્વે નંબર | વિસ્તાર હે.આરે.ચોમી | ચતુઃસીમા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | છાણીપ | સર્વે નં.૧૪/૭ પૈકી ૨ (નવો સર્વે નં.૧૪૫) | ૨-૦૯-૧૫૩ | ઉત્તરઃ- શહેરાથી રેણા મોરવા ડામર રોડ.<br>પુર્વઃ- અનામત જંગલ સર્વે નં. પૈકી ૧૪૧ બાકાત થયેલ વિસ્તાર<br>દક્ષિણઃ- અનામત જંગલ સર્વે નં. પૈકી ૧૪૧ બાકાત થયેલ વિસ્તાર<br>પશ્ચિમ :- અનામત જંગલ સર્વે.નં.૧૪૧ |

(આ સાથેની અનુસૂચિ મુજબ)

જે શખ્સ પોતાનો કોઈ પ્રકારનો હકક સદરહુ જમીન ઉપર સાબિત કરવા ઈચ્છા રાખતો હોય અગર નુકશાન ભરપાઈ બાબત કોઇ પણ જાતનો દાવો કરવા ઈચ્છા રાખતો હોય તે શખ્સ આ જાહેરનામું પ્રસિધ્ધ કર્યાની તારીખથી ૩ મહિનાની અંદર નીચે સહી કરનારને લેખિત નોટીસથી ખબર આપવી અગર રૂબરૂ હાજર થઇ સદર બાબત જાહેર કરવી.

હકકના દાવાનો વિચાર કાયદા અનુસાર કરવામાં આવશે. પરંતુ જે જમીન માટેના હક્કનો દાવો ઉપર બતાવેલી મુદતમાં કરવામાં આવ્યો નહિ હોય અગર કરેલો દાવો રદ થયો હશે તો એ જમીનો કાયમી જંગલોમાં સમાવેશ કરવામાં આવશે. અને તે શખ્સને કાયદામાં બતાવેલી નીચેની વસ્તુઓ લાગું પડશે. એટલે કે જે કોઇ માણસ

૧. (અ) જંગલ કાયદાની કલમ પાંચ અન્વયે જે જંગલોનો ભાગ ઝાડો કાપીને સાફ કરવાની મનાઈ કરવામાં આવી છે, તેવા ભાગ કાપીને સાફ કરે અથવા

(બ) કાયમી જંગલને આગ લવાડશે અગર જંગલને હાનિ પહોંચે એ માટે સ્થાનિક સરકારે કરેલા કાયદા વિરૂધ્ધ અગ્નિ સળગાવશે અગર સળગતો રહેવા દેશે અગર કાયમી જંગલોમાં

(ક) આ બાબત, ફોરેસ્ટ ઓફિસરે, જાહેરનામું બતાવીને જે મોસમ નકકી કરશે તે મોસમ સિવાય હરાવેલી બીજી મોસમમાં દેવતા સળગાવશે અથવા સળગતો રહેવા દેશે અથવા લઈ જશે.

(ડ) દબાણ કરશે, ઢોરો ચરવા દેશે.

(ઈ) કોઈપણ છોડા તોડવામાં અગર પડેલો માસ વાપરવામાં કાપેલો માલ ખસેડતી વખતે કોઈપણ પ્રકારનું નુકશાન કરશે.

(ફ) કોઈપણ ઝાડ કાપશો અગર ઝાડ ઉપર છેદ પાડશે, બાળશે, અથવા ઝાડની છાલ કાઢશે અથવા પાના તોડશે અગર બીજી કોઈપણ જાતનું નુકશાન કરશે.

(ગ) ખાણો ખોદીને પત્થર કાઢશે, ચુનો બનાવશે, કોલસો પાડશે અગર જંગલની કોઈપણ પેદાશ ભેગી કરશે અગર ભેગી કરવાની કોઈપણ પ્રકારની તૈયારી કરશે અથવા લઈ જશે.

(હ) ખેતી કરવા માટે અગર બીજા કોઈપણ કારણ માટે જંગલ કાપી નાંખી જમીન સાફ કરશે અથવા કરાવશે (આય) અગર આ બાબતમાં સ્થાનિક સરકારે કરેલા કોઈપણ કાયદાનું ઉલંઘન કરીને શિકાર કરશે, બંદુકથી અથવા છરીથી શિકાર કરશે, માછલીઓ મારીને પાણી ઝેરી બનાવશે અગર જાળ ગોઠવશે.

(જે) જે વિસ્તારમાં ૧૮૭૯નો હાથીનો સંરક્ષણ બાબતનો કાયદો લાગુ નહિ હોય એવા કોઈપણ વિસ્તારમાં કાયદા વિરૂધ્ધ વર્તન કરશે, હાથીનો શિકાર કરશે અગર હાથી પાડશે.

તે જંગલમાં કરવા નુકશાન માટે તપાસણી અમલદાર જે શિક્ષા ફરમાવશે તે ઉપરાંત છ મહિના કેદ અગર ૫૦૦ રૂપિયા દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર ગણાશે. (અ) ફોરેસ્ટ ઓફીસરે આપેલી લેખિત પરવાનગીથી અગર સ્થાનિક સરકારે કરેલા કાયદા પ્રમાણે કંઈપણ કૃત્ય કરશે અગર

(બ) જંગલ કાયદાની કલમ ૧૫ પેટા કલમ-૨(૭) મુજબ ચાલુ રાખલા અગર કલમ-૨૩ મુજબ સરકાર તરફથી લખાણ કરી આપેલી સનદથી અગર કરારથી જે હકક આપેલો હોય એવા કોઈપણ હકક ભોગવવાની મનાઈ કરવામાં આવશે,એમ સમજવું નહિં, અને જે જે વખતે કાયમી જંગલોમાં જાણી બુઝીને આગ લગાડવામાં આવશે અગર દુર્લક્ષથી, બે કાળજીથી, લાગશે તે તે વખતે ઉપર બતાવેલી કોઈપણ શિક્ષા પાત્ર થતી હશે તે પણ એવા જંગલમાં અથવા તેના કોઈપણ ભાગમાં સરકારને યોગ્ય લાગે તે મુદત સુધી ઢોર ચરાવવાની અથવા જંગલની પેદાશ માટે બધા હકકો ન ભોગવવા એવુ જાહેર કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે.

૨. જંગલ બાબતના કાયદાની કલમ-૪ મુજબ પ્રસિધ્ધ કરેલા જાહેરનામામાં નકકી કરેલી જમીનોમાં અગર જમીન પર કોઈપણ પ્રકારનો હકક જંગલના કાયદા મુજબ સાધીત કર્યા સિવાય બીજી રીતે સાબિત થઇ શકશે નહીં અને તે સરકારે જાહેરનામું પ્રસિધ્ધ કર્યું. તે વખતે અગર જે શખ્સનો હકક સાબીત થયો હોય એવા શખ્સ આપેલી સનદ પરથી અગર કરારથી હકક સાબિત થતાં નહિ ત્યાં સુધી કોઈપણ શખ્સનો હકક સાબિત થઇ શકશે નહિ.

૩. (અ) ફોરેસ્ટ એકટના ૨૩ કલમમાં કંઈ પણ ઠરાવ હશે તો પણ કલમ-૧૫ ની પેટા કલમ-૨૬ અન્વયે ચાલુ રહેલો હકક સ્થાનિક સરકારની મંજુરી વગર કોઇને પણ બક્ષીસ ગીરો, વેચાણ અગર પટેથી આપી શકાતો નથી. પરંતુ આ પ્રકારનો બતાવેલો હક્ક જમીન અગર ઘર સબંધી અંગત હશે તો તે ઘર સાથે અગર જમીન સાથે વેચવાનો અગર વીલ કરવાનો હકક રહેશે.

(બ) આ હકકથી મળેલા લાકડા અગર બાજું કોઈપણ જંગલ ઉત્પન્ન વેચવાનો અગર અદલાબદલી કરવાનો હકક કલમ-૧૪ અન્વયે પ્રમાણિત જથ્થામાં જે એટલો જ રહેશે, એનાથી વધુ વેચો અગર ખસેડી લઈ જઈ શકાશે નહિ.

ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફીસર
અને
પ્રાંત અધિકારી, શહેરા

મુકામ :- પ્રાંત કચેરી, શહેરા
તારીખ :- ૧૫/૧૨/૨૦૨૩

માહિતી/ગોધરા/૭૦૧/૨૦૨૩

# ધારાસભ્યના અધ્યક્ષતામાં બાલાશિનોર તાલુકાના પિલોદરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉષ્માપૂર્ણ સ્વાગત


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાશીનોર,

મહીસાગર જીલ્લાના બાલાશિનોર તાલુકાના પિલોદરા ગામે ગામના પ્રથમ નાગરિક એટલે પિલોદરા ગામના સરપંચ પટેલિયા રંજનબેન ધર્મેશકુમાર ધારાસભ્ય માનસિંહ ચૌહાણના અદ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ સંકલ્પ યાત્રા રથને અક્ષતઃ કુમકુમથી વધાવ્યો હતો.

ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક રથને આવકારી અને સ્વાગત કર્યુ હતું. આ તકે, ધારાસભ્ય સહિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના સહિતના વિવિધ યોજનાકીય લાભ આપવામાં આવ્યા હતાં. ધારાસભ્ય માનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ રથના માધ્યમથી છેવાડાના માનવીઓને પણ સરકારના વિવિધ વિભાગોની યોજનાના ઘરબેઠા જ લાભ મળે છે.આમ કહી તેમણે ગ્રામજનોને સરકારની યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા વિનંતી કરી હતી. આ પ્રસંગે, આરોગ્ય વિભાગ દ્વારા કેમ્પમાં વ્યક્તિઓની આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ટીબીના દર્દીઓની તપાસ કરી અને યોગ્ય સારવાર તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા પિલોદરા ગામે નવા આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા હતાં. કાર્યક્રમના અંતે મહાનુભાવો તથા ગ્રામજનોએ વિકસિત ભારત માટેના શપથ લઈ દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં. આ પ્રસંગે સરપંચ, આગેવાનો, પદાધિકારીઓ-અધિકારીઓ, કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# મહીસાગર જીલ્લાના બાળ વૈજ્ઞાનિક રિદ્ધિ સથવારાએ રાષ્ટ્રીય કક્ષાએ કલ્પના રોવર પ્રોજેક્ટ રજુ કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું



મહિસાગર,

મહીસાગર જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી તેમજ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા એનસીઈઆરટી ન્યુ દિલ્હીથી મળેલ સુચના મુજબ બાળ વૈજ્ઞાનિકો પ્રદર્શન ૨૦૨૩-૨૪ અંતર્ગત ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ વિષયોને ધ્યાનમાં રાખીને જીલ્લાની તમામ શાળાઓ દ્વારા સીઆરસી બીઆરસી તાલુકા કક્ષાએ વિવિધ મોડેલો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાની મોટા સોનેલા પ્રાથમિક શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતી સથવારા રિદ્ધિ દિનેશકુમાર અને શાળાના આચાર્ય કલ્પીન્તભાઈ પટેલ તથા સ્ટાફગણના સહયોગથી સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સોસાયટી અને સ્ટેમ લર્નિંગ અંતર્ગત બનાવેલ ચંદ્રયાન-૩નું મોડેલ પ્રજ્ઞાન રોવર પ્રથમ સ્થાન પર રહ્યું હતું. આ મોડેલને આચાર્ય કલ્પીન્તભાઈ પટેલના પ્રયત્નોથી ડીજીટલ ઇક્વીલાઈઝર પ્રોગ્રામ અંતર્ગત ગાંધીનગર સ્થિત અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશનમાં રજુ કરવામાં આવ્યો. જેથી એઆઈએફના પ્રોજેક્ટ ડાયરેક્ટર ગાયત્રીબેન કોલ, ઈસરો સાયન્ટિસ્ટ વિપીનભાઈ પટેલ, ટેકનીકલ એક્સપર્ટ સુધીરભાઈ શર્મા ટીમ દ્વારા દિલ્હીમાં યોજાનાર બે દિવસની ડીજીક્વીટી પ્રોગ્રામમાં નેશનલ લેવલે પ્રેઝન્ટ કરવાની પરવાનગી આપી મોડેલ પ્રજ્ઞાન રોવરને દિલ્હીમાં રજુ કરવામાં આવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, સમગ્ર ભારતમાંથી માત્ર ૧૦ મોડેલની પસંદગી થઇ હતી અને ગુજરાત રાજ્ય માંથી માત્ર બે મોડેલ પસંદ કરવામાં આવ્યા હતા. આ મોડેલને કલ્પના રોવર નામ આપી સથવારા રિદ્ધિ દિનેશકુમાર દ્વારા નેશનલ લેવલે રજુ કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટેમ લર્નિંગ પ્રોગ્રામમાં ચંદ્રયાન-૩ લોન્ચ કરનાર નાસાના મહાન વૈજ્ઞાનિકોને મળવાની અને પોતાના વિચારોનું આદાન પ્રદાન કરવાની ઉત્તમ તક આ ભવિષ્યના બાળ વૈજ્ઞાનિકોને મળી હતી. મહીસાગર જીલ્લાના બાળ વૈજ્ઞાનિક રિદ્ધિ સથવારાએ રાષ્ટ્રીય કક્ષાએ કલ્પના રોવર પ્રોજેક્ટ રજુ કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.


કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી પ્રો.ડો. કુબેરભાઈ ડિંડોરે સંતરામપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે આયોજીત મહીસાગર જીલ્લા પંચાયત, સંતરામપુર તાલુકા પંચાયત અને પશુ દવાખાના દ્વારા તાલુકા કક્ષાની પશુપાલન શિબિર તેમજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આપની આજ.......

મેષ : ગણેશજી કહે છે, આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય. સંધ્યાકાળના સમયે ધાર્મિક આયોજનમાં ભાગીદારી કે ધાર્મિક યાત્રા થઈ શકે છે.

વૃષભ : ગણેશજી કહે છે, આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે. આવક સંતોષજનક રહેશે. મોસાળ પક્ષથી ધનની પ્રાપ્તિનો યોગ છે.

મિથુન : ગણેશજી કહે છે, આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે. આજના દિવસમાં કેટલાક નજીકના મિત્રો તથા સંબંધીઓનું આગમન થઈ શકે છે. આવક માટે નવા સ્ત્રોત વિકસીત થશે.

કર્ક : ગણેશજી કહે છે, આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. નોકરીમાં સ્થાન પરિવર્તન સાથે ઉન્નતીનો યોગ છે. પારિવારિક જીવનમાં સમરસતા બની રહેશે.

સિંહ : ગણેશજી કહે છે, આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે. ઉત્તમ મિત્રોના સહયોગથી મનમાં નિરાશાનો ભાવ સમાપ્ત થશે. સાંજથી રાત સુધી અધ્યયન, પઠનમાં મન લાગશે.

કન્યા : ગણેશજી કહે છે, આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે. શક્ય છે કે શોપિંગ માટે પણ જઈ શકો છો.

તુલા : ગણેશજી કહે છે, ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે. ક્રોધથી બચો. સંતાન પક્ષને પણ ઉચ્ચ શિક્ષા અને શોધ વગેરેમાં સાર્થક પરિણામ મળશે.

વૃશ્ચિક : ગણેશજી કહે છે, આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે. સંધ્યાકાળના સમયે ધાર્મિક સાહિત્ય વાંચવામાં રસ વધશે.

ધનુ : ગણેશજી કહે છે, આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે. આવક વધશ, અચાનક મોટા પ્રમાણમાં રૂપિયા હાથમાં આવવાથી મનોબળ વધશે.

મકર : ગણેશજી કહે છે, આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ : ગણેશજી કહે છે, આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે. આવું થવાના કારણે તમને આનંદની સાથે ઉત્સાહની પ્રાપ્તિ થશે.

મીન : ગણેશજી કહે છે, આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે. વાતચીતમાં સંયમ રહે અને સમજીને વાતો કરો. કોઈ સંપત્તિને લઈને પરિવારમાં વિવાદની સ્થિતિ ઊભી થઈ શકે છે.

# નકલી કચેરી કૌભાંડમાં દાહોદ પોલીસે વધુ ૫ આરોપીઓની ધરપકડ કરી

દાહોદ,

રાજયમાં ચકચાર મચાવનાર નકલી કચેરી કૌભાંડમાં દાહોદ પોલીસે વધુ ૫ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં તત્કાલીન ટ્રાયબલ કચેરીના અધિકારીના પી.એ.નો પણ સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં આ કેસમાં પોલીસે ૧૧ આરોપીઓની ધરપકડ કરી છે.

રાજયભરમાં ચકચાર મચાવનાર નકલી કચેરી કૌભાંડની શરૂઆત બોડેલીથી થઈ હતી.જે બાદ અન્ય આદિવાસી જીલ્લાઓમાં પણ તેના તાર સામે આવ્યા છે. દાહોદમાં પણ કૌભાંડી ટોળકીએ ૬ જેટલી નકલી સરકારી કચેરીઓ ઉભી કરીને ૧૮.૫૯ કરોડની ગ્રાન્ટ સરકાર પાસેથી મેળવી લઈને રાજયસરકારને કરોડોનો ચૂનો ચોપડી દીધો છે. જેમાં મુખ્યસૂત્રધાર સંદીપ રાજપૂતની સંડોવણી બહાર આવતાની સાથે જ દાહોદ પોલીસે સંડોવાયેલા સરકારી કર્મચારીઓની ધરપકડ શરૂ કરી છે દાહોદ પોલીસે આજે નકલી કચેરી કૌભાંડમાં તત્કાલીન ટ્રાયબલ અધિકારી બી.ડી. નિનામાંના પી.એ. મયુર પરમાર સહિત ૫ ની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ટ્રાયબલ કચેરીના આસિસ્ટન્ટ પ્રોજેકટ મેનેજર પુખરાજ રોઝ, કોમ્પ્યુટર ઓપરેટર પ્રદીપ મોરી, મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ કચેરીના ગિરીશ પટેલ,આસિસ્ટન્ટ પ્રોજેકટ મેનેજર પ્રયોજના કચેરી લુણાવાડાના સતિષ પટેલની ધરપકડ કરવામાં આવી છે. હાલ સુધી સમગ્ર કૌભાંડમાં ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જયારે ભવિષ્યમાં અન્ય કેટલાક નામો ખુલે તેવી શક્યતાઓ છે. ગતરોજ દાહોદ પોલીસે પકડેલ પાંચ

## તત્કાલીન ટ્રાયબલ કચેરી અધિકારીના પી.એ.નો સમાવેશ

આરોપીઓમાં દાહોદ પ્રાયોજના કચેરીમાં કર્મચારીઓ તેમજ કરાર આધારિત કર્મચારી જેમાં મયુર પ્રકાશભાઈ પરમાર, પુઝરાજ રોઝ, પ્રતિકભાઈ મોરી, ગીરીશભાઈ દલાભાઈ પટેલ અને સતિષ અશોકભાઈ પટેલનાઓ જેતે સમયે દાહોદ પ્રાયોજના કચેરી, દાહોદ ખાતે ફરજ બજાવતાં હતાં. અલગ અલગ ગ્રાન્ટોના ટેબલ સંભાળતાં હતાં. આ ઓફિસ કેમ્પમાં જે ૧૦૦ જેટલા કોન્ટ્રાક્ટ આરોપીઓએ લીધેલા અને ૧૮ કરોડ જેટલી રકમ થવા પામે છે. આ મોટા ભાગની કોન્ટ્રાકટની ફાઈલો આ લોકોના ટેબલથી ઓપરેટર કરવામાં આવતી હતી. વેરીફાઈ કરવામાં આવતી હતી અને એમાં નોટીક કરીને મોકલવામાં આવતી હતી. આ પાંચેય આરોપીએ જાણી જોઈને આ ખોટી કચેરી છે, જે બાબતે કોઈના દયાનમાં મુકેલ નહીં અને જે બદલામાં નાણાંકીય લાભો મેળવ્યાં હતા. જેના પુરતા પુરાવાઓ દાહોદ જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક અને આ કેસની તપાસ કરનાર કે. સિધ્ધાર્થને પ્રાપ્ત થતાં ગઈકાલે ઉપરોક્ત પાંચેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

# પંચાયત અને કૃષિ મંત્રી દે.બારિયા તાલુકાના ગુણામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ઉપસ્થિત રહ્યા



દાહોદ,

કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓની જાણકારી લોકો સુધી પહોંચી શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે દેવગઢબારિયા તાલુકાના ગુણા ખાતે પહોંચેલી યાત્રાને મંત્રી બચુભાઈ ખાબડ તેમજ મહાનુભાવો સહિત ગ્રામજનોએ ઉત્સાહભર આવકારી લેવામાં આવી હતી.

આ પ્રસંગે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે સૌને સંબોધતા જણાવ્યું હતું કે, આજે જન જન સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓનો પ્રચાર થાય તે માટે નરેન્દ્રભાઈ મોદીની સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો મુખ્ય હેતુ છેવાડાના માનવીઓ જે સરકારી યોજનાથી વંચિત હોય તેઓ સુધી સરકારી યોજનાઓની માહિતી પહોંચાડવાનો છે. વિકસિત ભારતના નિર્માણ માટે સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ, સૌના પ્રયાસ, અને હવે સૌના સંકલ્પ સાથે આગળ વધીએ તેમજ દરેક યોજનાઓનો લોકો લાભ લે તથા લાભ લેવા પાત્ર તમામ લાભર્થીઓને લાભ મળી રહે તે આવશ્યક છે.

દેવગઢબારીયાના ગુણા ગામે મંત્રી અને મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને કીટ વિતરણ, સહાય પ્રમાણપત્ર, કાર્ડ વિતરણ તથા અન્ય યોજના અંતર્ગત કીટ વિતરણ કરવામા આવ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવો સહિત ગ્રામજનોએ આગામી વર્ષ ૨૦૪૭ સુધીના વિકસિત ભારતમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવાનું પ્રણ ગ્રહણ કર્યું હતું. વિવિધ યોજનાના લાભાર્થીઓએ મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત તેમના અભિપ્રાયો પણ વ્યકત કર્યા હતા. કાર્યક્રમના ભાગરૂપે વિકસિત ભારતનો સંદેશ આપતા વડાપ્રધાનની કાર્યક્રમ સંબંધિત ફિલ્મનું નિદર્શન, યોજનાકિય સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત ઉપપ્રમુખ અરવિંદાબેન પટેલિય, પ્રાંત અધિકારી જ્યોતીબાબેન ગોહિલ, નાયબ જીલ્લા વિકાસ અધિકારી, મામલતદાર સમીરભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી સહિત, અગ્રણીઓ, પદાધિકારીઓ, સરપંચ, ફરજ પરના અધિકારી, કર્મચારીઓ, ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ બસ સ્ટેશનના મુખ્ય દરવાજા બહાર ગટર ઉપર તુટી ગયેલ જાળીને લઈ અવરજવર કરતા રાહગીરો હેરાન



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરના હાર્દસમા બસ સ્ટેશન વિસ્તારમાં બસ સ્ટેશન બહાર નગરના પાણીના નિકાલની ગટર લાઈન આવેલ છે. આ ગટર લાઈનને સાફ સફાઈ કરવા માટે જવાબદાર તંત્ર દ્વારા ગટરની ઉપર સાફ સફાઈના ઉદ્દેશ્યથી લોખંડની જાળી મુકેલ છે. આ જાળી છેલ્લા કેટલાય સમયથી તૂટી ગયેલ છે અને જૂની થઈ કટાઇ ગયેલ જોવા મળી રહેલ છે. તેમજ આ ગટરની બાજુમાં જ નવીન રોડ વાહન વ્યવહારના અવરજવરને લઈ દબાઈ ગયેલ છે અને તેથી આ દબાઈ ગયેલ રોડ રસ્તા વચ્ચે ખાડા જેવું બની ગયેલ છે. નગરમાં અવરજવર કરવાનો આ મુખ્ય માર્ગ છે. આ રસ્તા પર પડેલ ગાબડા અને ગટર પર તુટી ગયેલ જાળીને લઈ અવરજવર કરતા રાહગીરો હેરાન થઈ ગયેલ છે. કેટલીય વાર રોડ પરના ગાબડા અને ગટર પર તુટી ગયેલ જાળીને લઈ વાહન ચાલકો અને રાહગીરો આ રસ્તા પર પડી ગયેલ છે અને નાના નાના અકસ્માત પણ થયેલ છે. જવાબદાર તંત્ર સત્વરે રસ્તા પર પડી ગયેલ ગાબડાને અને તૂટી ગયેલ જાળીના વિષયને ગંભીરતાથી લઈ સત્વરે દયાન આપે તેવું રહીગીરો ઈચ્છી રહેલ છે.

# આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ૧૦ લાખ સુધીની મફત સારવાર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા તા.૧૫-૧૧-૨૦૨૩ થી પ્રારંભ થયેલ છે. જીલ્લા કલેકટર હર્ષિત ગોસાવી અને જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ આરોગ્ય શાખા જીલ્લા પંચાયતના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવતના અથાક પ્રયત્ન અન્વયે છેલ્લા ૩૦ દિવસમાં કુલ ૪૨૦ ગામડાઓમાં ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''નો રથ પહોચ્યો. જેમાં આયુષ્માન ભારત અંતર્ગત યાત્રા દરમ્યાન કુલ 21775 PMJAY કાર્ડ કાઢીને લાભાર્થીઓને આપવામા આવ્યા તથા છેલ્લા એક મહિનામાં જીલ્લાના આરોગ્ય કર્મચારીઓના અથાક પ્રયત્નો દવારા કુલ 119770 PMJAY કાર્ડ કાઢવામાં આવ્યા. જે આદિજાતિ પછાત જીલ્લો હોવા છતાં આખા રાજ્યની અંદર દાહોદ બીજા નંબર પર છે. જન સુખાકારી માટે જીલ્લા આરોગ્ય તંત્ર હંમેશા ખડેપગે છે, તેમજ છેવાડાના માનવી સુધી આરોગ્યની તમામ યોજનાઓનો લાભ મળી રહે તે માટે પણ કટિબદ્ધ છે.

# શિક્ષણ મંત્રીના અધ્યક્ષતામાં કડાણા તાલુકાના સરસડી પ્રાથમિક શાળા ખાતે આવી પહોંચેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરાયું



લુણાવાડા,

રાજ્ય સરકારની વિભિન્ન જનસુખાકારી-લોકકલ્યાણકારી યોજનાઓથી જન-જનને વધુમાં વધુ અવગત કરવા અર્થે પ્રારંભાયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે આજ રોજ મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના સરસડી પ્રાથમિક શાળા ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માદયમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા માં સૌ ગ્રામજનોને કેન્દ્ર તેમજ રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કર્યો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માદયમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માદયમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરાઈ રહ્યા છે. ગામથી લઈ દેશના વિકાસ માટે આપણે સહિયારૂ યોગદાન આપીએ એવો મત તેમણે વ્યકત કરી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો શુભાશય જણાવ્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું કે, સરકારે મહિલાઓની ચિંતા કરી ઉજ્વલા યોજના અમલમાં મૂકી છે. જેમાં નિઃશુલ્ક ગેસ કનેકશન આપી ગામડાંની અનેક મહિલાઓને ચૂલાના અસહ્ય તાપ અને ધુમાડાથી મુક્તિ આપી છે. તેમજ ગંગા સ્વરૂપા બહેનોને દર મહિને ૧૨૫૦ રૂપિયાની નાણાંકીય સહાય આપી તેઓને આર્થિક ટેકો આપ્યો છે. આ કાર્યક્રમમાં વિવિધ શાખાના અધિકારીઓએ વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી આપીને તેનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. આ અવસરે મંત્રીના હસ્તે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. તેમજ લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખ બાબુભાઈ પટેલ, કડાણા તાલુકા પંચાયતના પ્રમુખ મંગુબેન, સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખ હરેશભાઈ વળવાઈ, કડાણા તાલુકા વિકાસ અધિકારી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ તાલુકાના ખેંગ ગામ પ્રા.શાળાના મધ્યાહન ભોજન સંચાલકની નિમણૂંક રદ કરાઈ

દાહોદ,

દાહોદ તાલુકાના ખેંગ ગામે થોડા મહિનાઓ પહેલા મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ખેંગ પ્રાથમિક શાળાના સંચાલકની નિમણુંક કરવા માટે મામલતદાર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. આ જાહેરનામા બાદ ૦૪ અરજદારો દ્વારા અરજી કરતાં જેમાં અન્યને નિમણુંક આપી દેવામાં આવી હતી જેથી એક અરજદાર દ્વારા આ મામલે વાંધો દર્શાવી નિયમોનુસાર પોતાને નિમણુંક ન આપતાં આ મામલે અરજદાર દ્વારા નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી, દાહોદની કોર્ટમાં અરજી કરતાં પ્રાંત અધિકારી દ્વારા અરજદારની અરજીને તેમજ કાયદાકીય નિયમોને આધારે અરજદારની અરજીને દ્યાનમાં લઈ ખેંગ પ્રાથમીક શાળામાં મધ્યાહન ભોજન સંચાલકની નિમણુંકને રદ્દ કરી પુનઃ નિમણુંકની કાર્યવાહી કરવામાં આવે તે માટે દાહોદ મામલતદારને હુકમ કર્યાનું જાણવા મળે છે પરંતુ પુનઃ ભરતી અત્યાર સુધી પણ કરવામાં આવી ન હોવાનું જાણવા મળે છે.

ગત તા.૨૫.૦૫.૨૦૨૩ ના રોજ દાહોદ મામલતદાર દ્વારા ખેંગ પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન અંતર્ગત સંચાલકની નિમણુંક કરવા માટે જાહેરનામું બહાર પાડ્યું હતું. આ જાહેરનામા સબબ ૦૪ જેટલા અરજદારોએ સમય મર્યાદામાં અરજી કરી હતી જેમાં ભાનુબેન ગુલીયાભાઈ ઘુઘીયાને સંચાલકતરીકે નિમણુંક કરવામાં આવી હતી. જે નિમણુંકથી નારાજ અરજદાર પરમાર છાયાબેન નરવતસિંહ દ્વારા આ મામલે નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી, દાહોદની કોર્ટમાં અરજી કરી હતી અને જણાવ્યું હતું કે, પોતે ધોરણ ૧૦ પાસ ૫૭.૩૪ ટકા, ધોરણ ૧૨ પાસ ૬૨.૭૧ ટકા અને બી.એ. પાસ ૪૯.૭૪ ટકા અને પોતેન બીપીએલનો દાખલ પણ ધરાવતા હોઈ પરંતુ તેમ છતાંય નિમણુંક પામનાર ધુંધીયા ભાનુબેન ગુલીયાભાઈ માત્ર ૧૨ પાસ હોઈ અને પોતાના ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં કરતાં પણ ઓછા ટકા હોવાથી તેઓને નિમણુંક આપી દેવામાં આવી હોવાની અરજી પ્રાંત અધિકારીને કરવામાં આવી હતી જે અરજી જોતા પ્રાંત અધિકારી દ્વારા આ મામલે તલસ્પર્શી તપાસ હાથ ધરી અને બંન્ને પક્ષોની રજુઆત સાંભળી આખરે નિયમોનું અનુસાર, કાયદા પ્રમાણે નિમણુંક થઈ ન હોવાનું પ્રાંત અધિકારીને જણાતાં આ ખેંગ પ્રાથમિક શાળાની મધ્યાહન ભોજન સંચાલકની નિમણુંક પુનઃ કરવામાં આવે તે માટે નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી, દાહોદની કોર્ટ દ્વારા મામલતદારને હુકમ કરવામાં આવ્યો હતો. પરંતુ અત્યાર સુધી આ પુનઃ નિમણુંક ભરતીની પ્રક્રિયા આજદિન સુધી કરવામાં આવી ન હોવાનું પણ જાણળા મળે છે.

# સ્વચ્છ ભારત સ્વચ્છ મિશન પાલિકા માર્યું સૂત્ર બહારથી આવતા અરજદારો મામલતદાર કેમ્પસમાં જાહેરમાં શૌચ કરવા મજબૂર બન્યા




સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકા દ્વારા સંતરામપુર અને ગામડામાંથી આવતા અને સ્થાનિક લોકો માટે ઉપયોગ કરી શકાય તેના હેતુથી પાલિકા દ્વારા જાહેર શૌચાલય બનાવવામાં આવેલું હતું. પરંતુ સફાઈ અને વ્યવસ્થાના અભાવે હવે આ શૌચાલય દિન ઉપયોગી જોવા મળી આવેલું છે. સફાઈના અભાવે શૌચાલયના બહાર જાહેરમાં શૌચ કરતા જોવા મળી આવેલા છે. જાહેરમાં શૌચ કરવાથી કચેરીની અંદર ચારે બાજુ દુર્ગંધ ફેલાતી હોય છે. સરકાર દ્વારા મોટા પ્રમાણમાં સ્વચ્છતા માટે રકમ ચૂકવવામાં આવે છે, તેમ છતાં પાલિકાની બેદરકારી અને સફાઈના અભાવ જોવા મળી આવેલો છે. જાહેર શૌચાલયની દિવાલ ઉપર પાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશનનો ચિત્ર દોરવામાં આવેલા છે. સફાઈ રાખવી અને સ્વચ્છતા જાળવવી પરંતુ આ દિવાલ ઉપર જ જાહેરમાં જ ઉભા ઉભા શૌચ કરવા મજબૂર બન્યા. જો નગરપાલિકા દ્વારા આ શૌચાલયને સ્વસ્થતા રાખી હોય તો આજે અરજદારોને બહાર શૌચ કરતા સંતરામપુર મામલતદાર કચેરીમાં અલગ અલગ વિભાગમાં કામગીરી માટે મોટી સંખ્યામાં રોજ આવતા હોય છે, પરંતુ જાહેર શૌચાલયના અભાવે જોવા મળી આવેલો છે. આવી ખરાબ પરિસ્થિતિને પાલિકા દ્યાનમાં રાખીને જાહેર શૌચાલન સ્વચ્છ બનાવે અને તેની કાળજી રાખે અને વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી લોકમાંગ ઉભી થયેલી છે.

# ગોધરા ખાતે સખી પ્રશિક્ષણ તાલીમના સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં પશુપાલન વિભાગ, જીએલપીસીના ઉપક્રમે નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડના અમલીકરણ હેઠળ બેંક ઓફ બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (આર-સેટી) આરોગ્ય અને પશુધન ઉત્પાદનના વિસ્તાર માટે માન્યતા પ્રાપ્ત એજન્ટો A-Help (પશુ સખી )ની તાલીમના સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન ગોધરા ખાતે કરાયું હતું. આ કાર્યક્રમ તારીખ ૨૯ નવેમ્બર ૨૦૨૩ થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ૧૫ દિવસનો હતો. જેમાં રસીકરણ, પશુઓને ટેગીંગ કરતા પ્રાથમિક પશુ સારવાર જ્ઞાન, કુત્રિમ બીજદાન, પશુપોષણ, પશુ આરોગ્ય વિશે મહિલાઓને માહિતગાર કરાયા હતા. છેવાડાના પશુપાલકોની આવકમાં વધારો કરવાનાં હેતુ થી આ તાલીમ આપવામાં આવી હતી.આ તાલીમ પશુ સખી બહેનો દ્વારા અલગ અલગ જગ્યાએ ફિલ્ડ વિઝિટ કરી અને પ્રેક્ટિકલ રૂપે નિદર્શન કરાવવામાં આવ્યું હતી. જેમાં કાર્યક્રમમાં NDDB આણંદથી અજીત, RSETI ડાયરેક્ટર દેવીદાસ દેશમુખ, તથા DRDA અધિકારી પંચમહાલ જીલ્લાના 25 A-HELP (પશુ સખી) બહેનોએ ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,જીલ્લા ન્યાયાલય, પંચમહાલ-ગોધરા દ્વારા પેરા લીગલ વોલન્ટીયર્સ (સ્વયંસેવકો)ની નિયુક્તિ કરાશે

ગોધરા,

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાં નિર્દેશાનુસાર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, પંચમહાલ દ્વારા કાનૂની સેવા કેન્દ્રોમાં, કાનૂની સેવા કાર્યક્રમોમાં તથા કાનૂની જનજાગૃતિ અને પ્રચાર-પ્રસારની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે પેરા લીગલ વોલન્ટીયર્સ (સ્વયંસેવકો)ની નિયુક્તિ કરવાની હોવાથી ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. જેમાં ૧૮ વર્ષથી ૭૦ વર્ષ સુધીની ઉમર ધરાવતાં, ધોરણ-૧૦ કે સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા, ગુજરાતી લખવા-વાંચવાની જાણકારી અને ક્ષમતા ધરાવતા, કાયદા કે અન્ય કોલેજના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ, નિવૃત સરકારી કર્મચારીઓ, સીનીયર સીટીઝન, ડોક્ટર/એન્જીનીયર વિગેરે વ્યવસાયકર્તા, શાળા-કોલેજના અદયાપકઓ, આશાવર્કર/આંગણવાડી કાર્યકર બહેનો, સ્વ-સહાય જૂથ/સખીમંડળની બહેનો, સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ સંસ્થાઓના સભ્યો હોય તેવી વ્યક્તિઓ અરજી કરી શકશે. પરંતુ વકીલ, રાજકીય સંગઠનો સાથે સક્રિય રીતે જોડાયેલ વ્યક્તિઓ, રાજકીય સંગઠનો સાથે જોડાયેલ સંસ્થાઓના સભ્યો, કોઈપણ ગુના માટે દોષિત ઠરેલ વ્યક્તિઓ અથવા જેની સામે કોઈપણ ગુનાના કામે ઇન્સાફી કાર્યવાહી ચાલુ હોય તેવી વ્યકિતઓ, માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિઓ તથા જે વ્યક્તિઓના વ્યક્તિગત હિતો પેરા લીગલ વોલન્ટીયર્સ યોજનાનાં હિતોને કોઈપણ રીતે પ્રભાવિત કરતા હોય તેવી વ્યક્તિઓ આ સેવામાં જોડાવવા માટે અરજી કરી શકશે નહિ. આ સેવામાં જોડાયેલ વ્યક્તિઓને નિયમ મુજબ કરેલ વાસ્તવિક કામગીરીનાં આધારે માનદ વેતન ચુકવવામાં આવશે. તે સિવાય અન્ય કોઈપણ પ્રકારનું મહેનતાણું કે ભથ્થાં ચુકવવામાં આવશે નહિ, આ એક સેવાકીય પ્રવૃત્તિ છે. કોઈપણ પ્રકારની સરકારી/ખાનગી કાયમી કે હંગામી નોકરી નથી. આ પેરા લીગલ વોલન્ટીયર (સ્વયંસેવક) તરીકે જોડાવવા માટેની અરજી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ગોધરા અથવા પંચમહાલ જીલ્લાનાં તમામ તાલુકા મથકની કોર્ટોમાં કાર્યરત તાલુકા કાનૂની સેવા સમિતિમાં કરવાની રહેશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.97

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાના સરકારી અધિકારીઓના વાહનોનું લોકેશન ટ્રેસ કરવાના જાસૂસી કાંડમાં પાંચ ઈસમો ઝડપ્યા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા અધિકારીઓના સરકારી વાહનોના લોકેશન ટ્રેસ કરવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે, જિલ્લામાં બેફામ બનેલા ખનીજ માફીયાઓ, ગેરકાયદેસર લાકડાની હેરાફેરી કરતા તત્વો તેમજ અન્ય ઈસમો દ્વારા સોશ્યલ મીડિયામાં ગ્રુપ બનાવીને ઓડિયો મેસેજ દ્વારા અધિકારીઓના સરકારી વાહનોના લોકેશન એકબીજા શેર કરતા હોવાની વિગતો સામે આવી છે. ગોધરા પ્રાંત અધિકારી દ્વારા આવા એક ઈસમ, જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા એક ઈસમ અને જિલ્લા એલ સી બી પોલીસ દ્વારા ૩ ઈસમો એમ કુલ ૫ ઈસમોની અટકાયત કરીને તેઓના મોબાઈલ ફોન કબ્જે લઈને કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે.

પંચમહાલ જિલ્લાના બેફામ બનેલા ખનીજ માફીયાઓ, ભૂમાફીયાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા સસ્તા અનાજની દુકાનના પરવાનેદારો દ્વારા સરકારી કાર્યવાહીથી બચવા માટે નવો કીમિયો અપનાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. આવા તત્વો દ્વારા સરકારી અધિકારીઓ પર વોચ રાખવા માટે સોશ્યલ મીડિયામાં ગ્રુપ બનાવવામાં આવ્યું હતું. જેના માટે ચોક્કસ સ્થળો પર કેટલાક ઈસમો નક્કી કરીને ઊભા રાખવામાં આવતા હતા. આવા ઈસમો દ્વારા ઓડિયો મેસેજના માધ્યમથી સરકારી વાહનનું લોકેશન એકબીજાને આપવામાં આવી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લાના વિવિધ વિભાગો ગેરકાયદેસર પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઈસમો સામે લાલઆંખ કરવામાં આવી હતી. જેને લઈને આવા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ત્યારે સક્રિય થયેલા ઈસમો દ્વારા વોટસએપ પર ગ્રુપ બનાવીને અધિકારીઓ પર વોચ રાખવામાં આવી રહી હતી. ગ્રુપમાં ઓડિયો મેસેજ દ્વારા સરકારી વાહનોના નંબર સાથે વાહનના લોકેશનની આપ-લે કરવામાં આવી હતી. જેનું કેટલાક અધિકારીઓને પણ ધ્યાને આવ્યું હતું. જેને લઈને આવા તત્વોને ડામવા માટે કાર્યવાહી હાથ ધરાઈ હતી. ગોધરા પ્રાંત અધિકારી દ્વારા કાલોલ તાલુકાના ચલાલી નજીકથી આવા એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો છે. જેણે વોટસએપ પર ઓડિયો મેસેજ દ્વારા સરકારી વાહનનું લોકેશન ગ્રુપમાં મૂક્યું હતું. પ્રાંત અધિકારી દ્વારા પકડાયેલા ઈસમના મોબાઈલ ફોનની ઝડતી કરતા આ પ્રકારના અનેક ગ્રુપ હોવાનું સામે આવ્યું હતું. હાલ તો પકડાયેલા ઈસમને વેજલપુર પોલીસમથકે સોંપીને તેની સામે અટકાયતી પગલાં લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા તેઓના વાહનની પાછળ બાઈક લઈને પીછો કરતા એક ઈસમને ઝડપી પાડી તેના મોબાઈલની તપાસ કરતા તેના મોબાઈલ માંથી પણ સરકારી અધિકારીઓ અને તેઓના વાહનોના લોકેશન ની માહિતી ની આપ લે કરતા ૧૦ જેટલા whatsapp ગ્રુપમાં મળ્યા હતા. ઝડપાયેલા પોલીસ મથકે લઈ જઈ તેની સામે પણ અટકાયતી પગલા લેવામાં આવ્યા હતા. તો બીજી તરફ આ જ પ્રકારની માહિતી પંચમહાલ જિલ્લા એલસીબી પોલીસને બાતમી મળતા જિલ્લા એલસીબી દ્વારા ગોધરા શહેરના ચોકડી પાસે વોચ ગોઠવીને અન્ય ત્રણ ઈસમોની બાતમીના આધારે ઝડપી પાડી. તેઓ પાસેથી મળી આવેલા કુલ ૫ મોબાઈલ ફોન ની તપાસ કરતા તે મોબાઈલ માંથી પણ સરકારી અધિકારીઓના સરકારી વાહનો તેમજ તેઓના અવરજવર અંગેની માહિતી આપતા whatsapp ગ્રુપો મળી આવ્યા હતા. જેઓની સામે પણ પોલીસ દ્વારા અટકાયતી પગલાં લઈ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ ની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી.

પંચમહાલ જિલ્લામાં વોટ્સએપ ગ્રૂપ દ્વારા અધિકારીઓના સરકારી વાહનોના લોકેશન ટ્રેસ કરવાનું સમગ્ર કૌભાંડ બહાર આવતાં ગ્રુપના એડમીન અને મેમ્બર્સમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ આવા તમામ ગ્રુપમાં રહેલા મેમ્બર્સ પોતે જ લેફ્ટ થવા માંડ્યા હતા તેમજ કેટલાક ગ્રુપમાં એડમિન દ્વારા પોતે જ તમામ મેમ્બર્સને રિમુવ કરીને ગ્રૂપ બંધ કરવા માંડ્યા હતા. સમગ્ર મામલે જિલ્લા કલેક્ટર દ્વારા જણાવ્યું હતું કે, આવા તમામ વોટ્સેપ ગ્રુપના એડમીન તથા તેમાં રહેલા મેમ્બર્સ સામે મોબાઈલ નંબરના આધારે કાર્યવાહી કરવામાં આવનાર છે. બીજી તરફ પોલીસ દ્વારા મોબાઈલ ફોન નંબરના આધારે અન્ય કેટલા ઈસમોની સંડોવણી છે, તે દિશામાં તપાસ હાથ ધરી છે.

## શહેરા જુના વલ્લભપુર ગામે નદી વિસ્તાર સીમમાં દિપડાએ મહિલા ઉપર હુમલો કરતાં ગ્રામજનોમાં ભય

શહેરા,

શહેરા તાલુકાના જુના વલ્લવપુરના નવાધરા ફળિયામાં રહેતા સવિતાબેન પર દીપડાએ હુમલો કરતા ચહેરાના ભાગ ઉપર ઈજા થવા પામી હતી. વન વિભાગની ટીમ ગામ ખાતે પહોંચવા સાથે બનેલ ઘટનાને લઈને ગ્રામજનોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના જુના વલ્લવપુર ગામથી થોડે દૂર જંગલ વિસ્તાર આવેલો છે, જ્યારે દિપડો શિકારની શોધમાં જંગલ છોડીને માનવ વસ્તી તરફ આવી જઈને આ ગામના નવાધરા ફળિયામાં રહેતા સવિતાબેન માછી પર હુમલો કર્યો હતો. દિપડાએ મહિલા સવિતાબેનના ચહેરા પર પંજો મારતા બુમા બુમ કરતા દીપડો ત્યાંથી જતો રહ્યો હતો. જોકે, દીપડાએ પંજો મારતા મહિલાના ચહેરા પર ઈજા થતા સારવાર અર્થે કાંકણપુર રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનેલા બનાવની જાણ આ ગામના ભગીરથ સોલંકી દ્વારા વન વિભાગને કરવામાં આવતા વન વિભાગની ટીમ ગામ ખાતે પહોંચી હતી. જોકે, દીપડાએ મહિલા પર હુમલો કરેલ ઘટનાને લઈને સ્થાનિક ગ્રામજનોમાં ડરનો માહોલ જોવા મળી રહયો હતો. વન વિભાગ દ્વારા જે જગ્યાએ દીપડાએ મહિલા પર હુમલો કરેલ એ જગ્યા પર વન્ય પ્રાણીના પંજા જોવા મળ્યા હતા. વન વિભાગ દ્વારા મહિલાની પૂછપરછ કરવા સાથે દીપડાને પાંજરે પુરવા માટેની કવાયત હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ જોવા મળી રહી હતી. આ ગામ પાસેથી મહીસાગર નદી પણ પસાર થતી હોય અને થોડા દિવસ પહેલા નદી કિનારે દીપડો ગામના એક વ્યક્તિને જોવા મળેલ હોવાનું જાણવા મળેલ હોય ત્યારે દીપડો જંગલ ભૂલીને માનવ વસ્તી તરફ આવ્યો હોય ત્યારે કોઈ બીજા વ્યક્તિઓ પર હુમલો આ રીતે કરે એ પહેલા દીપડાને પાંજરે પુરવામાં આવે એવી આશા ગ્રામજનો રાખી રહયા હતા.

## કેન્દ્રીય વિદ્યાલય ગોધરા ખાતે ૬૦માં કેન્દ્રીય વિદ્યાલય સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

ગોધરા,

કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના ૬૦માં સ્થાપના દિવસની ઉજવણી રૂપે આજે કેન્દ્રીય વિદ્યાલય ગોધરામાં ડાયમંડ જ્યુબિલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન એસ. કે. રાવ, (LDA) વિશેષ અતિથિ અરવિંદ કુમાર, (UBI Bank) ગોધરાના બ્રાન્ચ મેનેજર અને શાળાના આચાર્ય રૂપ કિશોર ચૌધરીએ કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સરસ્વતી-વંદના-નૃત્યની મંત્રમુગ્ધ રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ આચાર્ય ચૌધરીએ મુખ્ય મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કર્યું હતું. તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૦૭માં સ્થાપનાથી લઈને આજ દિન સુધી વિદ્યાલય નિરંતર પ્રગતિના પંથે આગળ વધી રહી છે, અને હજુ પણ ઘણી બધી પ્રગતિ કરવાની બાકી છે અને ઉપસ્થિત સૌ મહાનુભાવોને ખાતરી આપી હતી કે આવનારા સમયમાં અમે કેન્દ્રીય વિદ્યાલય ગોધરાપંચમહાલને જીલ્લાની શ્રેષ્ઠ વિદ્યાલયના રૂપમાં સ્થાપિત કરીને ઊંચાઈઓના ઉચ્ચ શિખર પર લાવીશું. તેમણે વાલીગણના સહકાર બદલ આભાર માન્યો હતો. શાળાના હિન્દી શિક્ષક રાકેશ કુમાર મીણાએ દરેકને કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપના દિવસની પ્રતિજ્ઞા લેવડાવી હતી. સંગીત શિક્ષક ઈન્દ્રમોહન શર્માએ કેન્દ્રીય વિદ્યાલય સંસ્થા વિશે માહિતી પૂરી પાડી હતી. કેન્દ્રીય વિદ્યાલય ગીત ભારતનો સ્વર્ણિમ ગૌરવ કેન્દ્રીય વિદ્યાલય લાવશેની રજૂઆતે સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સંસ્કૃત શિક્ષક ડો.બી.આર. મીનાએ તેમના સંબોધનમાં શાળાની પ્રગતિને આગવી રીતે વ્યક્ત કરી હતી. જેમાં સમગ્ર સત્રની શાળાના શૈક્ષણિક, રમત-ગમત અને વિજ્ઞાન તેમજ અન્ય સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેથી વાતાવરણ આનંદથી ભરાઈ ગયું હતું. આમંત્રિત મુખ્ય અતિથિ એસ.કે.રાવે વિદ્યાર્થીઓને નવા લક્ષ્યો નક્કી કરવા જણાવ્યું. તેમણે કહ્યું કે કેન્દ્રીય વિદ્યાલય સંગઠન એક કલ્પવૃક્ષ છે. જેની અમે શાખાઓ છીએ અને દરેકને પોતાનું સર્વશ્રેષ્ઠ આપવા માટે પ્રેરણા આપી. અતિથિ વિશેષ અરવિંદ કુમારે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, વ્યક્તિત્વના વિકાસ માટે સંઘર્ષ જરૂરી છે. તેમજ વિદ્યાર્થીઓને દરરોજ કંઈક નવું શીખવાની પ્રેરણા આપી હતી. કેન્દ્રીય વિદ્યાલય સંગઠન મુખ્યાલય દ્વારા આયોજીત ડાયમંડ જ્યુબિલી સેલિબ્રેશનનું જીવંત પ્રસારણ બાળકોને બતાવવામાં આવ્યું હતું. શાળામાં કાર્યક્રમના સમાપન પ્રસંગે બાળકોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન વિદ્યાર્થીઓ ઉર્વા પંડ્યા અને સાક્ષી સુમન દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આભારવિધિ શાળાના વરિષ્ઠ શિક્ષિકા ડીમ્પલ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.



## મોરવા(હ)ના રસુલપુર ગામના ૨૪ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના રસુલપુર ગામે રહેતા ૨૪ વર્ષીય યુવાને અગમ્યકારણોસર ઝાડની ડાળીએ દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના રસુલપુર ગામે રહેતા શૈલેષભાઈ છગનભાઈ પટેલ ઉ.વ.૨૪એ તા.૧૪ ડિસેમ્બરના રોજ કોઈ અગમ્યકારણોસર લાગી આવ્યું હોય જેને લઈ બોરડીના ઝાડની ડાળીએ નાયલોનના દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી લેતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા ખરોડીયા સ્કુલ આગળ રોડ ઉપર ફોર વ્હીલ ચાલકે બાઈકને અડફેટમાં ચાલકને ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત

શહેરા,

શહેરા ખરેડીયા સ્કુલની આગળ રોડ ઉપરથી પસાર થતી ફોર વ્હીલ ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લેતાં બાઈક ચાલક ૧૯ વર્ષીય યુવકને ગંભીર ઈજાઓ થતાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા ખરેડીયા સ્કુલની આગળ રોડ ઉપરથી પસાર થતી ફોર વ્હીલ નં. જીજે.૦૫.સીડી.૩૭૧૬ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ ઉપરથી પસાર થતી બાઈક નં.જીજે.૧૭.એપી.૬૬૭૯ને અડફેટમાં લઈ બાઈક ચાલક કલ્પેશભાઈ ગુલાબભાઈ પટેલ ઉ.વ.૧૯ને ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર માટે ખસેડવામાં આવતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પાવાગઢ ભદ્રકાળી માતાજીના મંદિર પાછળ જંગલમાં પ્રેમી યુવક-યુવતિનો ગળે ફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહ મળ્યો

પાવાગઢ,

પાવાગઢ ડુંગર ઉપર આવેલ ભદ્રકાળી માતાજી મંદિર પાછળના જંગલમાં ઝાડની ડાળી સાથે ઓઢણી વડે પ્રેમી યુવક-યુવતિએ ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ મૃતદેહો મળી આવ્યા.



પ્રાપ્ત વિગતો મુજબ પાવાગઢ યાત્રાધામ જાણે પ્રેમી યુગલો માટે આપઘાત કરવાનું સ્થળ બન્યું હોય તેવા બનાવ સામે આવ્યો છે. પાવાગઢ ડુંગર ઉપર આવેલ ભદ્રકાળી માતાજીના મંદિર પાછળના જંગલમાં ઝાડ સાથે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ મૃતદેહ મળી આવ્યા છે. પ્રેમી પંખીડાના મૃતદેહ પાસે સ્વીચ ઓફ મોબાઈલ મળ્યા હતા. મોબાઈલ ફોન ચાલુ કરી પરિવારજનોનો સંપર્ક કરતા પ્રેમી પંખીડા ગોધરા તાલુકાના પઢીયાર ગામના હોવાનું સામે આવ્યું હતું. પોલીસે યુવક-યુવતિની ઓળખ કરીને મૃતદેહ પી.એમ.અર્થે હાલોલ રેફરલમાં ખસેડ્યા હતા. મૃતક યુવક અને યુવતિ અલગ-અલગ જ્ઞાતિના હોવાથી લગ્ન શકય ન હતા. જેમાં યુવક પરમાર અને યુવતિ પટેલ જાતિની હોવાની લગ્ન થઈ શકે તેમ ન હોવાથી આપઘાત જેવું પગલું ભર્યુ હતું. તપાસમાં સામે આવ્યું હતું કે, મૃતક યુવક હિતેશ દોલતભાઈ પરમાર ગામની યુવતિ સાથે ભાગી જતા ભુતકાળમાં સામાજીક રીતે કિસ્સો કોર્ટ સુધી ગયો હતો. મૃતક હિતેશ પરમાર જે આઈ.ડી.આઈ. કરી હાલોલ એલ.એમ.પાવર કંપનીમાં નોકરી કરતો હતો. ૧૩ ડીસેમ્બરનાર રોજ નાઈટ શીફટમાં નોકરી માટે ઘરેથી નિકળેલ હતો અને ગુરૂવારે પરત નહિ આવતાં અને તેનો મોબાઈલ ફોન બંધ આવતા પરિવારજનો ચિંતામાં મુકયા હતા. તેમાં યુવતિ પણ ઘરે ન હોવાથી બન્ને પરિવારોએ શોધખોળ કરી હતી અને હિતેશ એ યુવતિ સાથે ફોટો શેર કરી આપઘાત કરતા હોવાનું જણાવ્યું હતું. યુવક-યુવતિના મૃતદેહ પાવાગઢ ખાતેથી મળી આવ્યાની જાણ પરિવારજનોને કરતાં બન્નેના પરિવારજનો પાવાગઢ દોડી આવ્યા હતા.

## ઘોઘંબા તાલુકાના ગુંદી પીએચસી પાસે નિષ્ઠુર માતાએ બાળકનો મૃતદેહ પ્લાસ્ટીકની થેલીમાં ભરી ફેંકી દેતા ફરિયાદ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગુંદી ગામે પી.એચ.સી. દવાખાનાની બાજુમાં કોઈ અજાણી સ્ત્રીએ બાળકને જન્મ આપી બાળકનો મૃતદેહ પ્લાસ્ટીકમાં મૂકી બાળકનો જન્મ છુપાવવા ત્યજી દઈ ગુનો કર્યાની ફરિયાદ દામાવાવ પોલીસ મથકે નોધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ગુંદી ગામે પી.એચ.સી. દવાખાનાની બાજુમાં રોડ સાઈડમાં કોઈ અજાણી મહિલાએ બાળકને જન્મ આપી બાળકનો મૃતદેહ પ્લાસ્ટીકની થેલીમાં રાખી બાળકનો જન્મ છુપાવવા મીટે ત્યજી દઈ ગુનો કર્યો હોય નિષ્ઠુર માતા વિરૂદ્ધ દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા શ્રી સહજાનંદ સોસાયટી ખાતે દિવ્ય શાકોત્સવ અને વડતાલધામ મહિમા કથાનું ભવ્ય આયોજન

ગોધરા,

ગોધરા શ્રી સહજાનંદ સોસાયટી ચોક ખાતે તા.૧૫ ડીસેમ્બર થી ૧૭ ડીસેમ્બર ૨૦૨૩ સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણ એવમ વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તથા વડતાલ પીઠાધીપતિ પ.પૂજ્ય આચાર્ય શ્રી રાકેશ પ્રસાદજી મહારાજના આર્શીવાદ આજ્ઞાથી તેમજ પ.પૂજ્ય શ્રી નૌતમ પ્રકાશદાસજીની પ્રેરણાથી અને ગોધરા શ્રી સ્વામીનારાયણ સમસ્ત સત્સંગ સમાજના મહિમાની કથાનું આયોજન કરવામાં આવેલ છે. વકતાપદે શાસ્ત્રી માનસ પ્રકાશદાસજી ગુરૂ ઘનશ્યામ પ્રિયદાસજી (સાવદાવાળા) વ્યાસપીઠે બિરાજમાન થઈ સંગીતના સથવારે દિવ્યકથાનું રસપાન કરાવશે. આ પ્રસંગે પૂજય આચાર્ય મહારાજશ્રી તેમજ ધામોધામથી પધારેલા સંતો તથા સાંખ્યયોગી માતાઓ પણ પધારશે અને દર્શન અને આર્શીવાદનો લાભ આપશે. માગસર સુદ પાંચમ રવિવાર તા.૧૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ દિવ્ય શાકોત્સવનું આયોજન કરાયું છે. ગોધરા શ્રી સહજાનંદ સોસાયટી યુવક મંડળ દ્વારા ભવ્ય આયોજન કરાયું છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય




'ઈ-શ્રમ' પોર્ટલ
પર નોંધાયેલ અસંગઠિત/સ્થળાંતરિત શ્રમિકો માટે પ્રજાજોગ સંદેશ

'ઈ-શ્રમ' પોર્ટલ પર નોંધાયેલ શ્રમિક લાભાર્થીઓને રેશનકાર્ડ આપવા તથા પાત્રતા ધરાવતા શ્રમિકોને 'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩' હેઠળ સમાવેશ કરી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ વિતરણનો લાભ આપવા બાબત

જો આપે 'ઈ-શ્રમ' પોર્ટલ પર નોંધાણી કરાવેલી હોય અને રેશનકાર્ડ ન ધરાવતા હોય તો આજે જ આપના જિલ્લાની નજીકની મામલતદાર કચેરી/ઝોનલ ઓફિસનો સંપર્ક કરી રેશનકાર્ડ કઢાવવા વિનંતી.

'ઈ-શ્રમ' પોર્ટલ પર નોંધાયેલ હોય તેવા અસંગઠિત/સ્થળાંતરિત શ્રમિકો જેવા કે બાંધકામ ક્ષેત્ર, ખેતી, મનરેગા, ફેરિયાઓ, ઘરેલુ કામદાર, સાગર ખેડૂઓ, રિક્ષા ડ્રાઈવર, દૂધ મંડળીના સભ્યો અને આવા અન્ય અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં શ્રમિકો કે જેની પાસે રેશનકાર્ડ છે પરંતુ, રાહત દરે મળતા રેશનની યોજનાના લાભથી વંચિત હોય તેવા અસંગઠિત શ્રમિકો પૈકી પાત્રતા ધરાવતા શ્રમિકોને N.F.S.A. હેઠળ સમાવેશ કરવા માટે ઝુંબેશ ચાલી રહી છે. આથી આજે જ આપના જિલ્લાની નજીકની મામલતદાર કચેરી/ઝોનલ ઓફિસનો સંપર્ક કરી 'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩' (N.F.S.A.) હેઠળ સમાવેશ થવા માટે અરજી કરવા વિનંતી છે.

આપના જિલ્લાની નજીકની મામલતદાર કચેરી/ઝોનલ ઓફિસની વિગતો આપ https://dcs-dof.gujarat.gov.in/officers-list.htm વેબસાઈટ પરથી તથા My Ration Mobile Application Download કરીને મેળવી શકો છો

વધુ વિગતો માટે ટોલ ફ્રી નં ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ પર સંપર્ક કરવા વિનંતી.